# ગુજરાત યુનિવર્સિટી

## જાહેનામા નં. ૧૩૭૨ / ૨૦૧૮

આથી જાહેર કરવામાં આવે છે કે માર્ચ/એપ્રિલ-૨૦૧૮માં લેવાયેલ આ યુનિવર્સિટીની પરીક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી ઇલાજો અજમાવ્યા હોવાથી તેઓના પરિણામ અનામત (Reserved) રાખવામાં આવેલ હતાં. તેમજ હવે પરીક્ષા શુદ્ધિ-સમિતિએ લીધેલ નિર્ણય મુજબ આ વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ ડિબાર્ડની (સજાની) મુદત બાદ લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર ભરીને **તેમની કોલેજના આચાર્યશ્રી મારફતે** જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નક્કી થયેલ તારીખ સુધીમાં આ યુનિવર્સિટી કાર્યાલયમાં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે અને **આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ક્યારે ભરવું તે માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.**

| **કેસ નંબર** | **વિદ્યાર્થીનું નામ** | **પરીક્ષા** | **પરીક્ષાનો બેઠક નંબર** | **કોલેજનું નામ** | **ડીબાર્ડની વિગત** |
|---|---|---|---|---|---|
| 7 | Makwana Mahendra Talshibhai | B.A. Sem..6 | 1918 | 105- SLVV | F+ 0 |
| 24 | Darji Rutvik Dilipkumar | B.Com. Sem.2 | 12172 | 338- NC Com. | જે તે વિષયમાં નાપાસ |
| 150 | Shah Daxa Dineshbhai | M.Com. Sem.4 | 3579 | 13-CKM Comm | F+ 0 |

નં. પરીક્ષા/૧/અ/ ૮૪૮૨ /૨૦૧૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૨૬/૭/૨૦૧૬.

**કા.કુલસચિવ**

**<u>નકલ રવાના</u> :-**

૧) લાગતાવળગતા વિદ્યાર્થી તરફ જાણ સારૂ તેમજ વિદ્યાર્થીઓએ પરીક્ષાનું આવેદનપત્ર ક્યારે ભરવું તેની સમજ માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાની સુચના સાથે.
૨) ગુજરાત રાજયની યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓ તરફ.
૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.
૪) સંબંધિત કલાર્કશ્રી, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯

# ગુજરાત યુનિવર્સિટી

**પ્રત્યેક પરીક્ષા સીઝનમાં તમામ સેમેસ્ટરની પરીક્ષ લેવાના નિર્ણય બાદ ગેરરીતિના સૂચિત ધારા-ધોરણો**

## (૧) પરિણામ રદ કરવું (F+O) :

વિદ્યાર્થીના જે-તે સેમેસ્ટરના તમામ વિષયોનું પરિણામ રદ કરવું. તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે. ત્યારબાદ પરિણામ રદ કરેલ સેમેસ્ટરની આવતી પરીક્ષામાં બેસી શકશે.

**દા.ત. ડીસેમ્બર-૨૦૧૭ સેમેસ્ટર-૧માં કોપી કરતાં પકડાય તો (F + ૦) અનુસાર :**

| | |
|---|---|
| ડિસેમ્બર-૨૦૧૭ | બધા જ વિષયનું પરિણામ રદ |
| જાન્યુઆરી-૨૦૧૮ | સેમેસ્ટર-૨માં પ્રવેશ લઇ શકે |
| માર્ચ-૨૦૧૮ | સેમેસ્ટરની પરીક્ષા આપી શકે. |

## (૨) પરિણામ રદ કરવું (F+૧) :

વિદ્યાર્થીના જે-તે સેમેસ્ટરના તમામ વિષયોનું પરિણામ રદ કરવું. તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ રદ કરેલ સેમેસ્ટરની આવતી એક (૧) પરીક્ષામાં બેસી શકશે નહિં, તથા એક પરીક્ષા બાદ આવતી બીજી પરીક્ષામાં બેસી શકશે, અને આ બીજી પરીક્ષા આપ્યા બાદ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી શકશે.

**દા.ત. ડીસેમ્બર-૨૦૧૭ સેમેસ્ટર-૧માં કોપી કરતાં પકડાય તો (F + ૧) અનુસાર :**

| | |
|---|---|
| ડિસેમ્બર-૨૦૧૭ | બધા જ વિષયનું પરિણામ રદ |
| જાન્યુઆરી-૨૦૧૮ | સેમેસ્ટર-૨માં પ્રવેશ લઇ શકે નહિં |
| માર્ચ-૨૦૧૮ | સેમેસ્ટરની પરીક્ષા આપી શકે નહિ |
| ડિસેમ્બર-૨૦૧૮ | સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી શકે. |
| જાન્યુઆરી-૨૦૧૯ | સેમેસ્ટર-૨માં પ્રવેશ લઇ શકે. |

## (૩) પરિણામ રદ કરવું (F+૨) :

વિદ્યાર્થીના જે-તે સેમેસ્ટરના તમામ વિષયોનું પરિણામ રદ કરવું. તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ રદ કરેલ સેમેસ્ટરની આવતી બે (૨) પરીક્ષામાં બેસી શકશે નહિં, તથા બે પરીક્ષા બાદ આવતી ત્રીજી પરીક્ષામાં બેસી શકશે, અને આ ત્રીજી પરીક્ષા આપ્યા બાદ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી શકશે.

**દા.ત. ડીસેમ્બર-૨૦૧૭ સેમેસ્ટર-૧માં કોપી કરતાં પકડાય તો (F + ૨) અનુસાર :**

| | |
|---|---|
| ડિસેમ્બર-૨૦૧૭ | બધા જ વિષયનું પરિણામ રદ |
| જાન્યુઆરી-૨૦૧૮ | સેમેસ્ટર-૨માં પ્રવેશ લઇ શકે નહિં |
| માર્ચ-૨૦૧૮ | સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી શકે નહિ |
| ડિસેમ્બર-૨૦૧૮ | સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી શકે. |
| માર્ચ-૨૦૧૯ | સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી શકે. |
| જાન્યુઆરી-૨૦૨૦ | સેમેસ્ટર-૨માં પ્રવેશ લઇ શકે. |

**(૪) જે તે વિષય/પેપરમાં નાપાસ : જે તે વિષય/પેપરમાં ઝીરો (ZOO) ગુણ આપી પરિણામ જાહેર કરવું. :**

વિદ્યાર્થીને જે તે વિષય/પેપરમાં જ નાપાસ કરેલ હોય તો વિદ્યાર્થીનું જે તે સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવું તેમજ તે વિદ્યાર્થી ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બને છે.

**(૫)** વધુમાં વિદ્યાર્થીને જે તે સેમેસ્ટરમાં કોપી કેસ થયેલ હોય પરંતુ તેને પાછળના સેમેસ્ટરની કોઇ પરીક્ષા બાકી હોય તો તે પરીક્ષા આપવાને પાત્ર બને છે.

**(દા.ત. વિદ્યાર્થીને સેમે-૫માં કોપી કેસ થયેલ હોય તો તે વિદ્યાર્થીને સેમે-૧ થી સેમે-૪માં કોઇપણ વિષય/પેપરમાં નાપાસ હોય તો તે પરીક્ષા આપી શકે છે.)**

**(૬)** આ ઉપરાંત જે તે પરીક્ષામાં જે વિષય/પેપરમાં પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષા સંપૂર્ણ અલગ-અલગ હેડમાં હશે તે પરીક્ષા વિદ્યાર્થીએ પુનઃ આપવાની રહેશે નહીં. પરંતુ જે વિષય/પેપરમાં થીયરીની સાથે પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષાનો એક જ હેડમાં સમાવેશ થયો હશે તેવી પરીક્ષાઓમાં પકડાયેલ વિદ્યાર્થીએ તેની થીયરીની સાથે પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષા ફરજીયાત પુનઃ આપવાની થશે.

**આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર ભરીને તેમની કોલેજના આચાર્યશ્રી મારફતે જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નકકી થયેલ તારીખ સુધીમાં આ યુનિવર્સિટી કાર્યાલયમાં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે અને આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર કયારે ભરવું તે માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો જ સંપર્ક કરવાનો રહેશે.**